## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ધાબે તમારા ડોહાને વાસ નાખવા જાવ તો માસ્ક પહેરીને જજો... ખબર છે ને એ મર્યા ત્યારે કોરોના જેવા જ લક્ષણો હતા...!!

# અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટ ૧૭ વર્ષ પછી પણ અધુરો, ગાંધીનગરની જનતા માટે હજી દિવા-સ્વપ્ન

### વિધાનસભાની ચૂંટણી આવતાં મેટ્રોરેલના પાટીયાં લગાવ્યા હતા તે આજે કટાઇ ગયાં છે, વિલંબ થતાં પ્રોજેક્ટની કોસ્ટમાં સતત વધારો થઇ રહ્યો છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે દોડનારી મેટ્રોરેલનો પ્રોજેક્ટ એટલો બધો વિલંબિત થઇ ચૂક્યો છે કે તે હવે ઐતિહાસિક બની રહ્યો છે. દેશના વિવિધ રાજ્યો ગુજરાત કરતાં આગળ નિકળી ગયાં છે અને તે રાજ્યોમાં મેટ્રોરેલ શરૂ થઇ ચૂકી છે પરંતુ અમદાવાદની મેટ્રોરેલની યોજનાને ૧૭ વર્ષ થયાં છે. આટલા વર્ષોમાં તો અમદાવાદ ઉપરાંત, રાજકોટ, વડોદરા, સુરત, જામનગર, ભાવનગર અને ગાંધીનગરમાં મેટ્રોરેલ શરૂ થઇ ચૂકી હોત. કામ શરૂ થયા પછી પણ ચાર વર્ષનો અક્ષમ્ય વિલંબ થયો છે.

રાજ્ય સરકારને કેન્દ્રની સીધી સૂચના હતી કે મેટ્રોરેલનું કામ ૨૦૧૮માં પૂર્ણ થઇ જવું જોઇએ પરંતુ અત્યાર સુધીમાં માત્ર ૬.૫ કિલોમીટરની મેટ્રોરેલ શરૂ થઇ ચૂકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૧૯માં મેટ્રો ટ્રેનમાં બેસીને ચૂંટણી પ્રચાર કરવાના હતા પરંતુ તેમની આ ઇચ્છા અધુરી રહી હતી. ૨૦૦૩માં જ્યારે મેટ્રોરેલનો પ્રોજેક્ટ બનાવવામાં આવ્યો હતો ત્યારે પ્રોજેક્ટની કોસ્ટ ૩૫૦૦ કરોડ નિર્ધારિત કરવામાં આવી હતી.

બીજી વખત જ્યારે ૨૦૦૭માં વિચાર કર્યો ત્યારે પ્રોજેક્ટ કોસ્ટ ૮૦૦૦ કરોડ થવાની હતી. ૨૦૧૪માં મેટ્રોરેલના



પ્રોજેક્ટની કોસ્ટ ૧૦૭૭૩ કરોડ નિર્ધારિત કરવામાં આવી હતી પરંતુ હવે વિલંબ થતાં પ્રોજેક્ટની કોસ્ટ વધીને ૧૨૭૮૭ કરોડ થઇ ચૂકી છે. આ પ્રોજેક્ટમાં જેટલો વિલંબ થાય છે તેટલો ખર્ચ વધી રહ્યો છે. હવે મેગા કંપનીએ સપ્ટેમ્બર ૨૦૨૨માં અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો દાવો કર્યો છે.

અમદાવાદની મેટ્રોરેલ વસ્ત્રાલ થી એપરલ પાર્ક સુધી ચાલે છે જેની પેસેન્જર દીઠ ટિકીટ ૧૦ રૂપિયા છે. આ ટ્રેનમાં રોજના ૧૦૦ પેસેન્જર બેસે છે. ૬.૫ કિલોમીટરના આ રૂટનું લોકાર્પણ માર્ચ ૨૦૧૯માં કરવામાં આવ્યું હતું, ત્યારપછી બીજો કોઇ રૂટ શરૂ થઇ શક્યો નથી. મેગા કંપનીના એક અધિકારીએ કહ્યું હતું કે કોરોના સંક્રમણના કારણે મેટ્રો રેલના પ્રોજેક્ટમાં છ મહિનાનો વિલંબ થયો છે.

ગુજરાતમાં ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે મેટ્રોરેલ દોડવાની હતી. અમદાવાદમાં જ હજી મેટ્રોરેલના ઠેકાણાં નથી ત્યારે ગાંધીનગરમાં મેટ્રોરેલ ક્યારે શરૂ થશે તે અનિશ્ચિત છે. ગાંધીનગર મેટ્રો માટે કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે તેમ છતાં પ્રોજેક્ટ અંગે કોઇ કામ શરૂ થયાં નથી.

અમદાવાદ મેટ્રોરેલને મહાત્મા મંદિર અને ગાંધીનગર સુધી લંબાવવામાં હજી કેટલો સમય લાગશે તે નિશ્ચિત નથી. સરકારે જાહેરાત કરી હતી કે અમદાવાદ મેટ્રોરેલનો બીજો તબક્કો જૂન ૨૦૨૦થી શરૂ થશે પરંતુ કોરોના સંક્રમણના કારણે ગાંધીનગર મેટ્રોરેલનું કામ હજી શરૂ થઇ શક્યું નથી. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૫૪૦૦ કરોડ અંદાજવામાં આવ્યો છે પરંતુ જો ૨૦૨૧માં કામ શરૂ થાય તો પણ તેની પ્રોજેક્ટ કોસ્ટ વધીને ૬૫૦૦ કરોડ થવાની સંભાવના છે. વિધાનસભાની ચૂંટણી હતી ત્યારે ચ-૦ પાસે મેટ્રોરેલના પાટીયાં લગાવી દેવામાં આવ્યા હતા જે આજે કટાઇ ગયાં છે.

મેગાના અધિકારીએ કહ્યું હતું કે મેટ્રોરેલના બીજા તબક્કામાં ગાંધીનગરના ૨૮.૨૬ કિલોમીટરની લંબાઇના માર્ગને આવરી લેવામાં આવશે જે મોટેરાથી શરૂ થશે અને મહાત્મા મંદિર સુધી જશે. ગાંધીનગરમાં મેટ્રોટ્રેક એલિવેટેડ કરવામાં આવશે. ગાંધીનગરમાં જમીન સંપાદન એટલું કઠીન નથી, કારણ કે મેટ્રોરેલના માર્ગમાં ખાનગી જમીન ઓછી પણ સરકારી જમીન વધારે આવે છે. મહત્વની બાબત એવી છે કે વસતી ગીચતા ઓછી હોવાથી રેલવે ટ્રેક માટે ટ્રાફિકની કોઇ મુશ્કેલી નથી. સરકાર ધારે તો ગાંધીનગરને ૨૦૨૩ સુધીમાં મેટ્રોરેલ મળી શકે છે.

## ખૂણેખાંચરેથી

- સચિવાલયમાં તાજેતરમાં અધિકારીઓને અપાયેલ બઢતીના હુકમો બાદ બઢતી પામેલ એક અધિકારી દંપત્તિએ કોરોનાનો એન્ટીજન ટેસ્ટ કરાવતા તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો જે સચિવાલયમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.
- ગુજરાત સરકારે આજે નવ જેટલા ગુજરાત વહીવટીય સેવાના અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે ઓફિસ અવર્સ પુરા થવાની ૧૫ મિનિટ પહેલાં જ વરસાદી માહોલ સર્જાતા કર્મચારીઓ પલડી ગયા હતા.
- ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી જે હોમ ક્વોરોન્ટાઈન થયા હતા તેઓ આજથી પુનઃ પોતાની ફરજ પર હાજર થઈ ગયા હતા.
- ગાંધીનગર મનપાના સફાઈ કામદારોના પડતર પ્રશ્નો અંગે તંત્રની સાથે બેઠક કરવા માટે નાયબ મ્યુનિ. કમિશનરને રજુઆત કરાઈ છે.

## રંગપુર ગામેથી દેશી બનાવટની બંદુક સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદે હથિયારના કેસ શોધી કાઢવા માટે રેન્જ આઈ.જી.પી. અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ કડક સૂચના આપતા ગાંધીનગર એસઓજી પી.આઈ. ડીબી. વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ આર.બી. પરમાર તેમજ અન્ય જવાનો સાથે જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે સાથે રહેલા દેવેન્દ્રસિંહને બાતમી મળી હતી કે રંગપુર ગામે મહાકાળી માતાના મંદિર પાછળ છાપરામાં એક શખ્સ પાસે દેશી બનાવટની બંદુક છે. જેથી પોલીસે સ્થળ પર જઈ મયોદીન ઉર્ફે બચુ સુમારભાઈ સિંધી (ઉ.વ. ૨૫) (રહે. વિજાપુર રેલવે ફાટક પાસે હસીના સોસાયટીની બાજુમાં સલાટનગર)ને દેશી હાથ બનાવટની બંદુક સાથે ઝડપી પાડયો હતો. એસઓજી પોલીસે આ શખ્સ સામે માણસા પોલીસ મથકે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



વરસાદે શહેરના માર્ગોની હાલત બગાડી નાંખી છે. ઠેર ઠેર ડામર ઉખડી ગયા છે તો ગાબડા પણ ઠેક ઠેકાણે પડયા છે. સિવિલ હોસ્પિટલના પાછળની તરફ મેડીકલ કોલેજ અને સ્ટાફ કવાટર્સ તરફ જવાનો માર્ગ બિસ્માર બની ગયો છે જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓ મુશ્કેલી અનુભવી રહ્યા છે.

# રિ-સર્વેની એજન્સીએ મનપાની સિસ્ટમ ખોરવી પ્રજાની પરેશાની વધારી છે

### એજન્સીની ડિપોઝીટ જપ્ત કરી તપાસ કરાવવાની માંગ કરતા પિન્કીબેન પટેલ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મનપા દ્વારા કરાયેલ રિ-સર્વેની કામગીરીમાં નિષ્કાળજી દાખવવાની સાથે આ માટેની એજન્સીને ઉતાવળે બિલોની ચુકવણી કરવાની વાતમાં લેતી-દેતીની શંકાઓની સોય સત્તાધારી પક્ષ પર તાકતાં કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલે ગંભીર આક્ષેપો કર્યા છે.

મનપાના કમિશનરને પાઠવેલા પત્રમાં તેમણે જણાવ્યુ હતુ કે ૨૦૧૦-૧૧ના વર્ષમાં જે આકારણીને લગતી ફરિયાદો હતી તેના કરતાં ૨૦-૨૧માં વધુ છે. તંત્રની આવક વધી હોવાનો દાવો કરી એજન્સીને બિલની ચૂકવણી પણ કરી દેવામાં આવી છે આ વિરોધાભાસી વાત એ જનાદેશના અપમાન જેવી જ ગંભીર છે.

તેમણે જણાવ્યુ હતુ કે નિમાયેલ એજન્સીએ તેની કામગીરીમાં નિષ્કાળજી દાખવી છે. એક જ મિલ્કતના બે-બે બિલ જવા, નામ બદલાઈ જવા જેવી ફરિયાદો પણ અસંખ્ય સામે આવી રહી છે. એજન્સીએ સિસ્ટમને ખોરવવા ઉપરાંત નાગરિકોની પરેશાનીમાં વધારો કર્યો છે.

તેમણે મિલ્કત-વેરાની વસુલાતના નાણાંનો વ્યય સત્તાધારી પાંખ કરી રહ્યુ છે તે પણ વ્યાજબી નથી.

શ્રીમતિ પટેલે એજન્સીની નિષ્ફળતાઓને ધ્યાને રાખી તેની ડિપોઝીટ જમા હોય તો તે જપ્ત કરવામાં આવે તેવી માંગ પણ કરી છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામોની આકારણીના પ્રશ્નો ૧૦ વર્ષ પછી પણ વણ ઉકલ્યા રહેવા પામ્યા છે અને ૧૦ વર્ષ પછી રિસર્વેમાં જે રીતે ગોટાળાઓ ઉભા થયા છે તેનાથી પ્રજાની પરેશાનીમાં વધારો થયો છે. આ બાબતે તપાસ કરાવવામાં આવે તેવી પણ તેમણે રજુઆત કરી છે.

સત્તાધારી પક્ષને માત્ર ને માત્ર પોતાની વાહવાહીમાં રસ છે. નગરના મૂળભૂત પ્રશ્નોના ઉકેલ માટે કેટલાં નાણાં ખર્ચાયા અને પ્રજાને કેટલી રાહત થઈ તેને લઈ સત્તાધારી પક્ષ શ્વેતપત્ર જાહેર કરે તેવી વાત પણ તેમણે આ પત્રમાં લખી છે.

શહેરની હદમાં સમાવાયેલા વિસ્તારોના પ્રવાસના નામે મેયર તો ગ્રીનીજબુક ઓફ રેકર્ડમાં નામ લખાવવા અધીરા થયા હોય તેવુ વર્તન કરી રહ્યા હોવાનો દેખાવ કરી રહ્યા છે તો ડે. મેયર ટ્રી ગાર્ડ માટે વિક્રમ સ્થાપવાનો હોય તેવી વાતો કરી રહ્યા છે જે આ પદાધિકારીઓને શોભતુ નથી.

## ચિલોડા સર્કલ પાસે વિદેશી દારૂના ૬૦ પાઉચ સાથે શખ્સ પકડાયો

ચિલોડા, તા. ૧૧

ચિલોડા પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન સર્કલ પાસે એક શખ્સ હિંમતનગરથી આવતા રસ્તા પર વિદેશી દારૂના ૬૦ પાઉચ સાથે જીપમાંથી નીચે ઉતર્યો હતો. અને પોલીસને જોઈ છૂપાવા લાગ્યો હતો. જેને પગલે પોલીસે શંકાના આધારે આ યુવાનને પકડી તેનો થેલો ચેક કરતાં વિદેશી દારૂના ૬૦ પાઉચ મળી આવ્યા હતા. પુછપરછ બાદ આરોપીનું નામ પૂછતાં તે રાજસ્થાનનો સતીષ માંગીલાલ શર્મા ઉં.વ. ૨૫ રહે. ગામ કરાવલી, રાજસ્થાન હોવાનુ બહાર આવ્યુ હતુ. પોલીસે ૧૮૦ એમ.એલ.ના ૪૨૦૦ના કિંમતના ૬૦ દારૂનો પાઉચ જપ્ત કરીને ગુનો નોંધ્યો હતો. આ પાઉચ કોને આપવાના હતા તે જાણવા માટે મથામણ શરૂ કરી હતી. આરોપીએ સંતોષકારક જવાબ આપ્યો ન હતો.

# વૈષ્ણોદેવી સર્કલ વાહન ચોર માટે હોટ ફેવરીટ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર-સરખેજ માર્ગ પર વૈષ્ણોદેવી સર્કલ વાહનચોર ઈસમો માટે હોટ ફેવરીટ સ્થાન બની જવા પામ્યું છે. છેલ્લા બે દિવસમાં વૈષ્ણોદેવી સર્કલની આસપાસ વિસ્તારમાં વાહન



પાર્ક કરીને નોકરી પર ગયા હોય તેવા બે વાહન ચોરી થવાની ઘટના સામે આવી છે. જેમાં એક બાઈક અને એકટીવાની ઉઠાંતરી થઈ છે. વાહનચોરી અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. ત્યારે પોલીસે ગુનો નોંધી વાહનચોરોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ સાબરમતિ ડી કેબીન પાસે રહેતા રાજુભાઈ દેસાઈ ગત તા. ૮ ના રોજ બપોરના ૧૨ વાગ્યાના અરસામાં પોતાનું બાઈક નં. જી.જે.૦૧.યુ.એફ. ૦૯૫૬ કે.ડી હોસ્પિટલ સામે જહારાજ હોટલની બાજુમાં દિવાલ પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કરીને કામ અર્થે ગયા હતા.જયારે પરત આવીને જોયું તો જે તે જગ્યાએ પોતાનું બાઈક ન હતું. રાજુભાઈએ બાઈક અંગે પોતાની રીતે શોધખોળ આસપાસના વિસ્તારમાં કરી હતી પરંતુ બાઈક મળી આવ્યું ન હતી.જેને પગલે તેઓએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

જયારે બીજા બનાવમાં સાબરમતિ સામર્થય ફલેટ ખાતે રહે છે અને ટી.એસ.ટેકનોલોજી માંડલ વિઠ્ઠલાપુર ખાતે ફરજ બજાવે છે. જેથી તેઓ સવારે ૬.૩૦ વાગે પોતાનું એકટીવા નં. જી.જે.૦૧.જે.યુ.-૨૭૪૬ ગાલા હેવન ફલેટ, મામાની કીટલી પાસે ખુલ્લી જગ્યામાં એકટીવા પાર્ક કરીને નોકરી ગયા હતા. નોકરી પૂર્ણ કરીને તેઓ સાંજે ૭.૩૦ વાગ્યાના અરસામાં જોયું તો પાર્ક કરેલી જગ્યા પરથી એકટીવા ગાયબ હતું. તેઓએ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી પરંતુ એકટીવા મળી આવ્યું ન હતું. ત્યારે વૈષ્ણોદેવી સર્કલ વાહનચોરી માટે હોટ ફેવરીટ બનતી જાય છે. અડાલજ પોલીસે રૂ.૧૫ હજારના બાઈક અને રૂ.૧૭ હજારના એકટીવા ચોરી અંગે ગુનો નોંધી વાહનચોરને પકડી પાડવા માટે તજવીજ શરુ કરી છે.

# પ્રાચીન ઈમારતો હવે બનશે વિશ્વ પ્રવાસનનું આકર્ષણ કેન્દ્ર

### સરકાર ૪૫ લાખથી ૧૦ કરોડની સહાય આપશે : ગામો-નગરોના રજવાડી મહેલો, કિલ્લા, ઝરૂખા, મિનારા સહિત પ્રાચીન ઇમારતો હવે વિશ્વ પ્રવાસનનું કેન્દ્ર બનશે

ગાંધીનગર,તા.૧૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતને વિશ્વ પ્રવાસન નકશા ઉપર વધુ દમદાર રીતે ચમકતું કરવા રાજ્યની પ્રાચીન ધરોહર, ઐતિહાસિક વિરાસત-ઈમારતો સ્થળોને હેરિટેજ ટુરિઝમ ડેસ્ટીનેશન તરીકે પ્રોત્સાહિત કરતી હેરિટેજ ટુરિઝમ પોલિસી-૨૦૨૦-૨૫ની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. ગુજરાત રણ, દરિયો, પર્વતીય સ્થાનો સાથે પ્રાચીન ઈમારતો, ધર્મસ્થાનકો, ડાયનાસૌર પાર્ક, સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા પ્રવાસન વૈવિધ્યથી ભરપૂર પ્રદેશ છે ત્યારે મુખ્યમંત્રીશ્રીએ હવે આમાં એક વધુ આકર્ષણ હેરિટેજ ટુરિઝમ દ્વારા ઊભું કરવાની અભિનવ પહેલ આ હેરિટેજ ટુરિઝમ પોલિસીની જાહેરાતથી કરી છે.

ખૂશ્બુ ગુજરાત કીના મંત્ર સાથે ગુજરાતના પ્રવાસન વૈવિધ્યને વર્લ્ડ ટુરિઝમ મેપ પર મૂકવાની મુખ્યમંત્રીની પ્રતિબદ્ધતા છે.

મુખ્યમંત્રીએ આ નવી હેરિટેજ ટુરિઝમ પોલિસી-૨૦૨૦-૨૫માં રાજ્યના નાના ગામો-નગરોમાં સુષુપ્ત અવસ્થામાં અત્યાર સુધી રહેલી પ્રાચિન વિરાસત ઈમારતો,



રાજા રજવાડાના મહેલો, ઝરૂખા, મિનારા, કિલ્લાઓ સહિતના સ્થળો હેરિટેજ પ્લેસીસને વિશ્વના પ્રવાસન પ્રેમીઓ માટે સુવિધાસભર સગવડો સાથે ખૂલ્લા મુકવાનો પ્રેરક અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીએ નાના ગામો-નગરોમાં વર્ષોથી વણવપરાયેલા રાજમહેલો, કિલ્લાઓ, પ્રાચીન સંસ્કૃતિની વિરાસત જાળવતી ઈમારતોની મહત્તા ફરી ઊજાગર થાય, લોકો તેનો ઈતિહાસ જાણી શકે સાથોસાથ આવા સ્થાનોની યોગ્ય માવજત-જાળવણી થાય તે હેતુસર આ હેરિટેજ ટુરિઝમ પોલિસીમાં અનેક પ્રોત્સાહનો આપવાનો પણ નિર્ણય કર્યો છે.

વિજય રૂપાણીએ પ્રવાસન-ટુરિઝમ સેકટરને તથા હોટલ ઈન્ડસ્ટ્રીને નવું બળ મળે અને નાના ગામો-નગરોમાં જગ્યાના અભાવે અન્ય સ્થળે હોટલ, રેસ્ટોરન્ટ, બેક્વેટ શરૂ ન થઇ શકે તો આવી ઐતિહાસિક વિરાસત પ્રોપર્ટીમાં તે શરૂ કરી સ્થાનિક સ્તરે રોજગાર સર્જનને પણ વ્યાપક બનાવવાની નેમ આ પોલિસીમાં રાખેલી છે. મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં યોજેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ હેરિટેજ ટુરિઝમ પોલિસી ૨૦૨૦-૨૫ને પ્રવાસન મંત્રી જવાહર ચાવડા સહિતના વરિષ્ઠ સચિવોની ઉપસ્થિતીમાં આખરી ઓપ આપ્યો હતો. તેમણે હેરિટેજ પ્રોપર્ટીઝના મૂળ તત્વ અને સત્વને જાળવીને પ્રવાસન આકર્ષણ ઊભા કરવાની પ્રતિબદ્ધતા સાથે આ પોલિસીમાં સ્પષ્ટપણે સૂચવ્યું છે કે તા. ૧ જાન્યુઆરી-૧૯૫૦ પહેલાની આવી ઐતિહાસિક ઈમારતો, મહેલો, કિલ્લા વગેરેમાં હેરિટેજ હોટલ, હેરિટેજ મ્યૂઝિયમ, હેરિટેજ બેક્વેટ હોલ કે હેરિટેજ રેસ્ટોરન્ટ બનાવી શકાશે.

## નિવૃત્ત ગ્રામસેવક પી.એસ. પટેલનું દુઃખદ અવસાન

ગાંધીનગર જિલ્લાના ઉનાવા ગામના અગ્રણી અને નિવૃત્ત ગ્રામસેવક પોપટભાઈ સોમાભાઈ



પટેલનું આજે સાંજે હૃદયરોગનો હુમલો આવતાં દુઃખદ અવસાન થયુ છે. અક્ષર નિવાસી પોપટભાઈ પટેલ નિવૃત્તિના સમયમાં તેમની ખેતીને વધુ પ્રયોગાત્મક બનાવી હતી. મિલનસાર સ્વભાવથી તેઓ વિશાળ મિત્ર સમુદાય પણ ધરાવતા હતા. તેઓ તેમની પાછળ બે દિકરા અને બ્હોળો પરિવાર વિલાપ કરતો છોડી ગયા છે. અક્ષર નિવાસી પોપટભાઈની અંતિમ યાત્રા શુક્રવારે વહેલી સવારે ઉનાવા સ્થિત નિવાસસ્થાનેથી નીકળશે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

જાહેરાત નંબર-એબી/ટીસી/૦૩ & એબી/ટીસી/૦૪ સને ૨૦૨૦-૨૧

**ટેન્ડર આઈડી નં. ૪૨૫૦૯૮ & ૪૨૫૧૧૮**

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર ૧૯૧૬

ગુજરાત જલ સેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા નીટે જણાવેલ કામગીરી માટેના અનુભવી ઠેકેદારો પાસેથી તથા ટેન્ડરના દસ્તાવેજોમાં દર્શાવેલ માપદંડ પ્રમાણે ઉત્તીર્ણ થતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે.

| ક્રમ | કામગીરીની વિગત | ૧) ટેન્ડર આઈડી નંબર<br>૨) બીડ સબમીશનની છેલ્લી તારીખ<br>૩) ફિઝિકલ સબમિશનની છેલ્લી તારીખ |
|---|---|---|
| ૧ | Procurement or Certified Reference Material (C.R.M.) for proposed NABL labs | 1) 425098<br>2) 18/92020<br>3) 21/9/2020 |
| 2 | Calibration of Instruments & Glassware for NABL Existing and proposed Labs. | 1) 425118<br>2) 18/9/2020<br>3) 21/9/2020 |

આ ટેન્ડર www.nprocure.com વેબસાઈટ પર જોવા મળશે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

માહિતી/૮૭૨/૨૦૨૦-૨૧

**ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ)**

(આદિજાતિ વિકાસ વિભાગ), બ્લોક નં. ૮/૨, નવા સચિવાલય, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૨૫૭

ઈ-ટેન્ડર નોટીસ નં. VKY/2020/2724/D-SAG

**કોરીજેન્ડમ**

**આઉટ સોર્સિંગથી વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) સેવાઓ મેળવવા બાબત**

આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની ગાંધીનગર ખાતેની ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ)ની કચેરી માટે આઉટ સોર્સિંગથી વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) સેવાઓ મેળવવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઓનલાઈન બીડ મંગાવવામાં આવે છે. જે અન્વયે કોરજેન્ડમ વેબસાઈટ www.dsag.gujarat.gov.in તથા http://nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે.

**ટેન્ડર ડોક્યુમેન્ટ**

| ક્રમ | વિગત | ટેન્ડર ડોક્યુમેન્ટ | સુધારો |
|---|---|---|---|
| ૧ | ટેન્ડરની શરતો અને બોલીઓ શરત નં. (૫) લાયકાતના ધોરણ : ૬.૧ | ઓછામાં ઓછા ૧૦ વાહન એજન્સી/સંસાથાના નામની ટેક્ષી/મેક્ષી પાસીંગવાળું માહે : જાન્યુઆરી-૨૦૧૯ કે તેથી પછીની સ્થિતિનું હોવું જોઈએ. | ઓછામાં ઓછા ૧૦ વાહન એજન્સી/સંસ્થાના નામની ટેક્ષી/મેક્ષી પાસીંગવાળું માહે : જાન્યુઆરી-૨૦૧૮ કે તે પછીની સ્થિતિનું હોવું જોઈએ. |

નોંધ : ટેન્ડર બાબતે માહિતી માટે ઉપર જણાવેલ વિગત મુજબની કચેરીનો સંપર્ક કરવો.

સહી/-
મુખ્ય કારોબારી અધિકારી
ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત
ગાંધીનગર

માહિતી/૮૫૪/૨૦૨૦-૨૧

**Indian Institute of Teacher Education**

Ramksirhna Paramahans Education Complex,
Nr. Mahatnma Mandir, "KH-5" Sector-15, Gandhinagar

**ઈ-ટેન્ડર શોર્ટ નોટિસ ૦૪/૨૦૨૦-૨૧**

આઈ.આઈ.ટી.ઈ. ગાંધીનગર દ્વારા Network Setup along with cabling work and IT infrastructure Installation consultancy માટેનું nprocure પર તા. ૧૪/૯/૨૦૨૦ મુકવામાં આવશે. જેની નોંધ લેવી તથા રસ ધરાવતા ઈજારદારોને www.nprocure.com પરથી વધુ વિગત મળી રહેશે.

સ્થળ : ગાંધીનગર — કુલસચિવ
તા. ૧૧/૯૨૦૨૦ — આઈઆઈટીઈ

માહિતી/૮૬૪/૨૦૨૦-૨૧

**જાહેર નિવિદા**

સભ્ય સચિવ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની કચેરી, બ્લોક નં. ૧૪/બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરી, ગાંધીનગર દ્વારા જૂના બિન ઉપયોગી વાહનોના ટાયર -ટ્યુબ, વાહનોનો ભંગાર, ટ્યુબ લાઈટ, પંખા, ફર્નીચર તથા અન્ય પરચુરણ સામાનના નિકાલ માટે ટેન્ડર બહાર પાડવામાં આવે છે. ટેન્ડરની નકલો જાહેર રજાના દિવસો સિવાય સભ્ય સચિવ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની કચેરી ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરવાથી તા. ૧૪/૯/૨૦ થી ૧૬/૯/૨૦ સુધીમાં સવારે ૧૧.૦૦ વાગ્યાથી બપોરે ૨.૦૦ વાગ્યા દરમિયાન મળી શકશે.

સભ્ય સચિવ
ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી
ગાંધીનગર

માહિતી/૮૭૦/૨૦૨૦-૨૧